# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિલ્લો પંચમહાલ, પિન કોડ ૩૮૯૦૦૧

નં. એસજીજીયુ/એકેડેમિક/૨૦૧૯/ તા.૧૭/૦૮/૨૦૧૯

## પી.એચ. ડી. પ્રવેશ પરીક્ષા – ૨૦૧૯

પી.એચ. ડી. માં નોંધણી માટે ની પ્રવેશ પરીક્ષાનાં ફોર્મ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીની વેબસાઇટ www.sggu.ac.in માં તા. ૩૦/૦૮/૨૦૧૯ સુધીમાં online form ભર્યા બાદ, પ્રવેશ પરીક્ષા ફી ૭૦૦/- ઓનલાઇન ભરવાની રેહશે. પ્રવેશ ફી ભર્યા બાદ જ પ્રવેશ ફોર્મ માન્ય રેહશે. ઉમેદવારના અનુસ્નાતક પરીક્ષામા ઓછામાં ઓછા ૫૫ % (ગ્રેસીંગ સિવાય) ગુણ તેમજ SC/ST/OBC/EWS તથા શારીરિક ખોડખાપણ ધરાવતા ઉમેદવારોને ૫૦% (ગ્રેસીંગ સિવાય) ગુણ જરૂરી છે. પ્રવેશ પરીક્ષાનાં કાર્યક્રમ અંગેની વિગતવાર માહિતી, ઉમેદવારોના સીટ નંબર, વિષયવાર પી.એચ.ડી.ની ઉપલબ્ધ સીટ ની માહિતી હવે પછી વેબસાઇટ ઉપર પ્રસીધ્ધ કરવામાં આવશે.

સ્થળ : ગોધરા

કા. કુલસચિવ

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

## પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગેના નિયમો અને સૂચનાઓ

| | |
|---|---|
| ૧. | પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા OMR બેઈઝ રહેશે. આ પરીક્ષાનું કેન્દ્ર ગોધરા રહેશે. પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા સપ્ટેમ્બર-૨૦૧૯ માં યોજાનાર છે. વિદ્યાર્થીના સીટ નંબર, પરીક્ષા કેન્દ્રનું સ્થળ અને સમય વેબસાઈટ પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૨. | પ્રવેશ પરીક્ષા ફી: રૂ. ૭૦૦/- + ઓનલાઇન પેમેન્ટ ગેટવે ચાર્જ (પ્રવેશ પરીક્ષા ફી નોન રીફંડેબલ છે.) |
| ૩. | પ્રશ્નપત્રનું માળખું :<br>▪ ૧૦૦ બહુવૈકલ્પિક પ્રશ્નો (Multiple Choice Questions)<br>▪ ગુણ ૧૦૦ : ૫૦ પ્રશ્નો રીસર્ચ મેથડોલોજીના અને ૫૦ પ્રશ્નો વિષય સંબંધિત રહેશે.<br>▪ ખોટા જવાબો માટે નકારાત્મક ગુણપ્રદાન પ્રણાલી રહેશે નહિ.<br>▪ પરીક્ષાનો સમયગાળો બે કલાકનો રહેશે. |
| ૪. | પ્રવેશ પરીક્ષાના પાસીંગના ધોરણો : પ્રવેશ પરીક્ષામાં પાસીંગના ધોરણો યુ.જી.સી. રેગ્યુલેશન - ૨૦૧૬ મુજબના રહેશે. |
| ૫. | પીએચ.ડી. માં એડમિશન માટેના ધોરણો યુ.જી.સી. રેગ્યુલેશન - ૨૦૧૬ મુજબના રહેશે. |
| ૬. | પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ :<br>યુ.જી.સી. રેગ્યુલેશન - ૨૦૧૬ મુજબ જે ઉમેદવારે UGC NET, SLET, GATE, M.Phil., CSIR NET ની પરીક્ષાઓ પાસ કરેલી હોય તેઓને પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવશે. ઉપરોક્ત પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ મેળવતા ઉમેદવારોએ પીએચ.ડી. પ્રવેશ સંબંધિત વિષયની DRC ની પ્રક્રિયામાં હાજર રહેવું ફરજિયાત રહેશે. |
| ૭. | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની માન્ય કોલેજોમાં અનુસ્નાતક થયેલ હોય, તે સિવાયના ગુજરાત રાજ્યની યુનિવર્સિટી કે અન્ય માન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓએ પ્રવેશ પરીક્ષા પાસ કરી એલીજીબલ હોય તેવા જ વિદ્યાર્થીઓ માટે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) લેવું ફરજીયાત છે. |
| ૮. | પ્રવેશ પરીક્ષાનો અભ્યાસક્રમ તેમજ વિષયવાર પીએચ.ડી. ની અંદાજીત ખાલી સીટોની માહિતી વેબસાઈટ પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૯. | આ પ્રવેશ પરીક્ષા સંબંધિત અન્ય માહિતીઓ સમયાંતરે વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે માટે ઉમેદવારોએ વેબસાઈટના સંપર્કમાં રહેવું. |
| ૧૦. | પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા સંબંધિત કોઇપણ પ્રકારના આખરી નિર્ણય લેવાની સત્તા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની રહેશે. |